# પ્રસાર ભારતી

## નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 06-09-2024 સાંજે : 7.50 થી 8.00

વાર : શુક્રવાર

આકાશવાણી સમાચાર અનિલ પટેલ વાંચે છે.

---

- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશના વિદ્યાર્થીઓ ભારતની સંસ્કૃતિ અને સાહિત્યનો પરિચય મેળવી શકે તે હેતુથી શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવા શિક્ષકોને અનુરોધ કર્યો.
- ✓ કેન્દ્ર સરકારે ટેકનિકલ ટેકસટાઇલ ક્ષેત્રમાં પીએલઆઇ યોજના માટે 10 હજાર કરોડ રૂપિયા અને આ ક્ષેત્રે સંશોધન અને વિકાસ માટે ચૌદસો કરોડ રૂપિયાની ફાળવણી કરી.
- ✓ કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહે જમ્મુ અને કાશ્મીર વિધાનસભાની ચૂંટણી માટેનો ભાજપનો ચૂંટણીઢંઢેરો આજે જાહેર કર્યો.
- ✓ દેશની દરિયાઇ સલામતી સુનિશ્ચિત કરવામાં તેમજ યુરોપ અને એશિયા વચ્ચે માલસામાનની હેરફેર ઝડપી બનાવવા માટે IMEC મહત્વની પહેલ છે.
- ✓ પંચાયતી રાજ મંત્રાલય અને યુનિસેફે ગ્રામીણ ક્ષેત્રે સેવા વ્યવસ્થા મજબૂત કરવા અને સામાજીક પરિવર્તનમાં લોકોની ભાગીદારી વધારવા સાથે મળીને કામ કરવાનો નિર્ણય લીધો.
- ✓ પેરિસ પેરાલિમ્પિક્સ ગેમ્સમાં ભારતના પ્રવીણ કુમારે પુરુષોની ઊંચા કુદકા T64 ફાઇનલમાં એશિયાઇ વિક્રમ સર્જીને સુવર્ણ ચંદ્રક મેળવ્યો છે.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**PRIME MINISTER - TEACHERS**

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશના વિદ્યાર્થીઓ ભારતના વિવિધતાપૂર્ણ સંસ્કૃતિ અને સાહિત્યનો પરિચય મેળવી શકે તે હેતુથી શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવા શિક્ષકોને અનુરોધ કર્યો છે.

નવી દીલ્હીમાં પોતાના નિવાસસ્થાને રાષ્ટ્રીય શિક્ષણ પુરસ્કાર મેળવનાર શિક્ષકો સાથેના સંવાદમાં તેમણે માતૃભાષામાં શિક્ષણ આપવાનું અને વિદ્યાર્થીઓને દેશના ભાતીગળ લોકસાહિત્યથી પરિચીત કરાવવાનું મહત્વ સમજાવ્યું હતું. તેમણે કહ્યું કે, શૈક્ષણિક પ્રવાસોના કારણે વિદ્યાર્થીઓ દેશની સાંસ્કૃતિક વિવિધતાઓનો પરિચય મેળવશે. સાથે સાથે આ પગલું દેશના પ્રવાસન ક્ષેત્રને નવું બળ આપશે.

પ્રધાનમંત્રીએ પુરસ્કાર વિજેતા શિક્ષકોને સોશિયલ મિડિયાના માધ્યમથી એકબીજા સાથે શિક્ષણની પદ્ધતિઓ અંગે ચર્ચા કરવાનો અને પોતાના અનુભવોનું આદાન પ્રદાન કરવાનો અનુરોધ કર્યો હતો.

પ્રધાનમંત્રીએ પુરસ્કાર વિજેતા શિક્ષકોની શિક્ષણ માટેની સમર્પિતતાને બિરદાવી હતી.

## PM- JAL SANCHAY

ગુજરાતમાં વરસાદી પાણીના સંગ્રહ માટેના ખાસ 24 હજાર 800 સ્થળો વિકસાવવાના જળ સંચય, જન ભાગીદારી પહેલનો આજથી આરંભ થયો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સુરતમાં યોજાયેલા રાજ્યકક્ષાના જન ભાગીદારી પહેલના કાર્યક્રમમાં વર્ચુઅલી સંબોધન કરતાં જણાવ્યું હતું કે, જળ સંચય એ માત્ર નીતિ વિષયક મુદ્દો નથી પણ સામાજિક જવાબદારી છે. શ્રી મોદીએ આપણી આગામી પેઢીઓ માટે સાતત્યપૂર્ણ ભાવિ સુનિશ્ચિત કરવા આ કામગીરીમાં જન ભાગીદારી પર ભાર મૂક્યો હતો.

(બાઇટ-પ્રધાનમંત્રી)

તેમણે જણાવ્યું કે, આપણી ભાવિ પેઢીઓ પાણી પ્રત્યેના આપણા અભિગમના માપદંડના આધારે આપણું મૂલ્યાંકન કરશે. તેમણે જણાવ્યું કે, પાણી એ માનવતાના ભાવિનું જીવન છે.

પ્રધાનમંત્રીએ ભવિષ્યમાં પાણીની સંભવિત ઘટની સમસ્યા રોકવા નવા અભિગમ સાથે ટેક્નોલોજીના મહત્તમ ઉપયોગ પર ભાર મૂક્યો હતો. આ પ્રસંગે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે,

કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી. આર. પાટીલ સાથે રાજ્યવ્યાપી જળ સંચય જન ભાગીદારી પહેલનો પ્રારંભ કરાવ્યો હતો.

## GIRIRAJ-TECHNICAL TEXTILES

કેન્દ્ર સરકારે ટેકનિકલ ટેકસટાઇલ ક્ષેત્રમાં ઉત્પાદન આધારિત રાહત યોજના માટે 10 હજાર કરોડ રૂપિયા અને આ ક્ષેત્રે સંશોધન અને વિકાસ માટે ચૌદસો કરોડ રૂપિયાની ફાળવણી કરી છે. એવી જ રીતે સરકારે આ ક્ષેત્રમાં નવકલ્પના માટે વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપવા 50 લાખ રૂપિયાની મંજૂરી આપી છે.

કેન્દ્રિય કાપડમંત્રી ગીરીરાજસિંહે આજે દિલ્હીમાં વિકસિત ભારત અને ટકાઉ વિકાસ માટે ટેકનિકલ ટેકસટાઇલ અંગેની એક પરિષદમાં બોલતાં આ મુજબ જણાવ્યું હતું. તેમણે કહ્યું કે, કેન્દ્ર સરકાર આ ક્ષેત્રના વિકાસ ઉપર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. કેન્દ્રિયમંત્રીએ જણાવ્યું કે, સંરક્ષણ, કૃષિ, એરોસ્પેસ જેવા વિવિધ ક્ષેત્રોમાં ટેકનિકલ ટેકસટાઇલની માંગણીમાં વધારો થઇ રહ્યો છે.

## WAQF MEETING

વકફ સુધારા વિધેયક 2024, માટે સાંસદ જગદમ્બિકા પાલના વડપણ હેઠળ રચાયેલી સંયુક્ત સંસદિય સમિતિની બેઠક આજે દિલ્હીમાં યોજાઇ ગઇ.

ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ વિભાગ, જકત ફાઉન્ડેશન અને તેલંગણા વકફ બોર્ડના પ્રતિનિધિઓએ પોતાના મંતવ્યો અને સૂચનો સમિતિ સમક્ષ રજૂ કર્યા હતા.

ઉલ્લેખનીય છે કે, સંયુક્ત સંસદિય સમિતિમાં લોકસભાના 21 અને રાજયસભાના 10 મળીને 31 સાંસદોનો સમાવેશ કરાયો છે. વકફ બોર્ડ હસ્તકની મિલકતોનો વહીવટ અને વ્યવસ્થાપનના કાર્યક્ષમતા વધારવા અને એમાં રહેલી ત્રુટીઓ દૂર કરવાના હેતુથી વકફ સુધારા વિધેયક 2024 ગૃહમાં રજૂ કરાયું હતું. સુચિત વિધેયકમાં વકફ ધારો 1995 નામકરણની તેમજ વકફ વ્યવસ્થાપન કાર્યક્ષમતા અને વિકાસધારો 1995માં સુધારાની જોગવાઇ છે.

## EVE-J-K-POLITICAL-RALLIES

ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહે જમ્મુ અને કાશ્મીર વિધાનસભાની ચૂંટણી માટેનો ભાજપનો ચૂંટણીઢંઢેરો આજે જાહેર કર્યો છે. આ પ્રસંગે ઉપસ્થિતોને સંબોધતા શ્રી શાહે જણાવ્યું હતું કે, દેશને આઝાદી મળી ત્યારથી ભાજપે જમ્મુ અને કાશ્મીરને

મહત્વ આપ્યું છે. તેમણે કહ્યું કે, કલમ 370 હવે ઇતિહાસનો ભાગ બની ચૂકી છે. અને તે ક્યારેય પાછી ફરી શકશે નહિં.

જમ્મુની મુલાકાતે પહોંચેલા શ્રી અમિત શાહ આજે સાંજે પ્રદેશ ભાજપના અગ્રણીઓ અને કાર્યકરો સાથે વિધાનસભાની રણનિતી અને પ્રચારઝુંબેશ અંગે ચર્ચાવિચારણા કરશે. શ્રી અમિત શાહ આવતીકાલે જમ્મુ શહેરમાં એક રેલીને સંબોધન કરશે.

## *MID BREAK- NEWS- NATIONAL*

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી** Youtube **ચેનલ** A.I.R. **ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ** A.I.R. **ન્યૂઝ અન્ડરસ્કોર** ABAD **ને ફોલૉ કરી શકો છો...**

## VOTE-DEKHO-APNA-DESH

દેખો અપના દેશ – લોકોની પસંદગી 2024 પહેલમાં આગામી 15મી સપ્ટેંબર સુધી પોતાનું મંતવ્ય દર્શાવતો મત આપી શકાશે. આ પહેલમાં ભારતના નાગરિકો, ધાર્મિક, સાંસ્કૃતિક, વારસાના, કુદરતી સૌંદર્ય, વન્યજીવન અને સાહસિક રમતો ધરાવતા તેમજ પાંચ પ્રવાસન શ્રેણીમાં વિભાજીત કરાયેલા વિવિધ પ્રવાસન સ્થળો અંગે દેશના પ્રવાસીઓનો મત જાણવાનો પ્રયાસ થઇ રહ્યો છે.

નાગરિકો કેન્દ્રિય પ્રવાસન મંત્રાલયની સત્તાવાર વેબસાઇટ પરથી દેખો અપના દેશ – લોકોની પસંદગી માટેના મતદાનના પોર્ટલનો સંપર્ક કરી શકશે. ઉલ્લેખનીય છે કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ પહેલનો પ્રારંભ આ વર્ષે શ્રીનગરમાં કરાવ્યો હતો.

## EVE-GOYAL-MEDITERRANEAN

દેશની દરિયાઇ સલામતી સુનિશ્ચિત કરવામાં તેમજ યુરોપ અને એશિયા વચ્ચે માલસામાનની હેરફેર ઝડપી બનાવવા માટે IMEC એટલે કે, ભારત-મધ્યપૂર્વ-યુરોપ આર્થિક કોરીડોર મહત્વની પહેલ છે.

કેન્દ્રિય વાણિજય મંત્રી પિયુષ ગોયલે આજે દિલ્હીમાં યોજાયેલ ભારત-મધ્યપૂર્વ વેપાર સંમેલનમાં બોલતાં આ મુજબ જણાવ્યું હતું. તેમણે ભારત જી-20 સંગઠનનું અધ્યક્ષ હતું ત્યારે હાથ ધરાયેલી IMEC પહેલની વિગતો આપી હતી. તેમણે કહ્યું કે, ભારત સરકારે ઉત્પાદન

આધારિત રાહત યોજના, ભારતમાં વેપાર સુગમ બનાવવા સરકારે લીધેલા પગલાં વગેરે પહેલના કારણે દેશમાં ઉત્પાદન ક્ષેત્રના વિકાસને નવું બળ મળ્યું હોવાનું જણાવ્યું હતું.

તેમણે કહ્યું કે, ભારતની કૃષિઉત્પાદનની વ્યવસ્થાને મજબૂત બનાવવા શરૂ કરાયેલી પહેલના કારણે ભારત અને મધ્યપૂર્વના દેશોને ફાયદો થશે.

શ્રી ગોયેલે કહ્યું કે, ભારત અને મધ્યપૂર્વના દેશો વચ્ચેના પ્રવાસનનો વિકાસ થાય તે માટે ભારત અને સંબંધિત દેશોએ કાર્યકારી જૂથની રચના કરવી જોઇએ.

## PANCHAYATI-UNICEF

કેન્દ્રિય પંચાયતી રાજ મંત્રાલય અને યુનિસેફે સેવા વ્યવસ્થા મજબૂત કરવા અને સામાજીક પરિવર્તનમાં લોકોની ભાગીદારી વધારવા સાથે મળીને કામ કરવાનો નિર્ણય લીધો છે. પંચાયતી મંત્રાલયની યાદીમાં જણાવ્યા મુજબ આ પગલાથી ગ્રામીણ ક્ષેત્રમાં સેવાઓની વ્યવસ્થા મજબૂત થશે. લોકો સાથેનો સંપર્ક વધશે તેમજ સ્થાનિક ક્ષેત્રોમાં વિકાસ લક્ષ્યો ઝડપથી મેળવી શકાશે.

સરકાર નવી ટેકનોલોજીના અસરકારક ઉપયોગ વડે ગ્રામીણ ક્ષેત્રોમાં વિકાસનીતીઓના અસરકારક અમલ માટે કટિબદ્ધ છે.

## PARALYMPICS

પેરિસ પેરાલિમ્પિક્સ ગેમ્સના નવમા દિવસે આજે ભારતને વધુ એક સુવર્ણચંદ્રક મળ્યો છે. પ્રવીણ કુમારે પુરુષોની ઊંચા કુદકા T64 ફાઇનલમાં 2.08 મીટરનો એશિયન વિક્રમ સર્જીને સુવર્ણ ચંદ્રક મેળવ્યો છે. તેમણે ટોકિયો પેરાલિમ્પિક્સમાં પણ રજતચંદ્રક મેળવ્યો હતો. આ સાથે ભારતે છ સુવર્ણચંદ્રક, નવ રજત ચંદ્રક અને 11 કાંસ્ય ચંદ્રક સાથે કુલ 26 ચંદ્રકો મેળવ્યા છે.

ગુજરાતનાં ભાવનાબેન અજાબાજી ચૌધરી મહિલાઓની ભાલા ફેંક F46 ફાઇનલમાં મુકાબલો કરશે. આ મેચ રાત્રે સાડા દસ વાગે રમાશે. આ ઉપરાંત, ભારતીય ખેલાડીઓ પાવર લિફ્ટીંગ અને એથ્લેટિક્સની કેટલીક રમતોમાં મુકાબલો કરશે. કસ્તુરી રાજામણિ મહિલાઓનાં 67 કિલો વજનવર્ગની ફાઇનલમાં રમશે. સોમન રાણા અને હાકોટા હોતોઝે સેમા પુરુષોની શોટ પુટ F57 ફાઇનલમાં રમશે. પુરુષોની 400 મીટર T47 સ્પર્ધામાં દિલિપ ગાવિત ફાઇનલ માટે ક્વોલિફાય થયા હતા.

## MP-NAXALITE

મધ્યપ્રદેશ પોલીસના ખાસ કાર્યવાહી દળે બાલાઘાટ ખાતેથી 14 લાખનું ઇનામ જાહેર કરાયેલ મહિલા નકસલવાદીની ધરપકડ કરી છે. બાલાઘાટ-માંડલા ક્ષેત્રના પોલીસવડા સંજયકુમારે જણાવ્યું હતું કે, ધરપકડ કરાયેલ મહિલા નકસલવાદી સામે હત્યા સહિત છ કેસ નોંધાયેલા છે. તેની પાસેથી પિસ્તોલ, કુહાડી અને કારતૂસોનો જથ્થો મળી આવ્યો છે.

મહિલા નકસલવાદીને છોડાવવા નકસલવાદીઓના જૂથે પોલીસદળ ઉપર હુમલો પણ કર્યો હતો.

## NITI-PAUL

નીતિ આયોગના સભ્ય ડો.વી.કે.પોલે રાષ્ટ્ર ઘડતર માટે અદના સ્તરની આરોગ્ય સંભાળ સુવિધા મજબૂત કરવા ઉપર ભાર મૂક્યો છે. તેઓ ડીજીટલ માધ્યમથી સાર્વત્રિક આરોગ્ય સંભાળ અંગેની રાષ્ટ્રીય પરિષદમાં બોલી રહ્યા હતા.

તેમણે કહ્યું કે, પ્રાથમિક આરોગ્ય સંભાળ વ્યવસ્થા મજબૂત થતાં ત્યાર પછીની આરોગ્ય સંભાળ વ્યવસ્થા પરનું ભારણ ઘટશે.

આ પ્રસંગે કેન્દ્રિય આરોગ્ય સચિવ અપૂર્વ ચંદ્રાએ કેન્દ્ર સરકાર દ્વારા સમગ્ર દેશમાં શ્રેષ્ઠ આરોગ્ય સેવા સુવિધાઓ પૂરી પાડવા સરકાર દ્વારા શરૂ કરાયેલ ટેલી માનસ અને ટેલી મેડિસીન સહિતના પગલાની વિગતો આપી હતી. તેમણે કહ્યું કે, દેશની સગર્ભા મહિલાઓ તેમજ નવજાત શિશુઓને અપાતી દવા અને રસીઓનો રેકોર્ડ સાચવી શકે તેવા યુ-વીન પોર્ટલનો ટૂંક સમયમાં આરંભ કરાશે.

## RECORD-DEMAT A/C

સમગ્ર દેશમાં ગત ઓગષ્ટ મહિનામાં 40 લાખથી વધુ નવા ડિમેટ એકાઉન્ટ ખોલવામાં આવ્યા છે. ચાલુ વર્ષે ગત ઓગષ્ટ સુધીમાં આશરે સવા ત્રણ કરોડ નવા ડિમેટ ખોલવામાં આવતા કુલ ડિમેટ એકાઉન્ટની સંખ્યા 17 કરોડ 10 લાખથી વધુ થઇ છે.

વિવિધ કંપનીઓ દ્વારા ઓગષ્ટ મહિનામાં આઇપીઓ એટલે કે, જાહેર ભરણાના માધ્યમથી 17 હજાર કરોડ રૂપિયા મેળવવામાં આવ્યા છે. સેબીના અભ્યાસના તારણોમાં જણાવ્યું છે કે, રોકાણકારો જાહેર ભરણામાં જોડાવવા માટે નવા ડિમેટ એકાઉન્ટ ખોલાવી રહ્યા છે.

વર્ષ 2024માં શેરબજારમાં રોકાણ કરનારને નોંધપાત્ર વળતર મળ્યું હોવાનું સેબીના અભ્યાસમાં જાણવા મળે છે.